Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 16 DATE: 16- 11 -2025 (વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ અગિયારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026



# સાયખાની વી.કે. ફાર્મા કંપનીમાં ધડાકો, ૩ શ્રમિકોના મૃત્યુ













ભરુચ જિલ્લામાં આવેલ દહેજ PCPIR ની સાયખા GIDCમાં ૧૨ નવેમ્બરની રાત્રે ૨:૧૭ મિનિટે વી.કે.ફામકિમ કંપનીમાં એક પ્રચંડ વિસ્ફોટ થતાં ૩ લોકોનાં મોત થયાં જ્યારે ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

વી.કે.ફામકિમ કંપનીમાં થયેલો આ બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેના ધડાકાનો અવાજ ૨૦ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. આ વિસ્ફોટથી આખો GIDC વિસ્તાર ધ્રુજી ગયો હતો, જાણે ભયંકર ધરતીકંપ આવ્યો હોય તેવો લોકોને અહેસાસ થયો હતો. કંપનીની હાલત જાણે ઉપરથી કોઈ મિસાઈલ પડી હોય તેવી થઈ ગઈ હતી.

કંપનીની આસપાસ આવેલી કંપનીઓમાં પણ ખુબ ભારે નુકસાન થયું હતું. સોલવન્ટ ડીસ્ટીલેશનની પ્રક્રિયા દરમિયાન આ બ્લાસ્ટ થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે. .જ્યારે બનાવ બન્યો ત્યારે પ્રાથમિક તબક્કે મનીષકુમાર મંડલ, ધર્મેન્દ્ર મહોરના મૃતદેહ મળ્યા હતા. ત્રીજા શ્રમિક સુરજ રાજકુમાર નિશાદનો મૃતદેહ સઘન તાપસ બાદ કાટમાળમાંથી મળ્યો હતો. આ દુર્ઘટનાની કારણોની તાપસ શરુ કરી દેવામાં આવી છે. ફેક્ટરી ઈન્સપેક્ટરે જણાવ્યા અનુસાર કંપનીએ અમારી પાસે મંજૂરી માટેની પ્રોસેસ કરી હતી, જે કામ પ્રોસેસમાં હતું. આ કંપની શરુ કરે ૬ મહિના થયા હતા. પહેલા અહીં બીજી કોઈ કંપની હતી તે કંપનીની કોઈ પ્રોડેક્ટ સફળ ન થતાં તેણે કંપની વેચી દીધી હતી. જીપીસીબી અનુસાર કંપનીની કેટલીક પરમિશન લેવાની પ્રોસેસ ચાલુ હતી. અમે આ કંપનીનો રિપોર્ટ અમારી હેડ ઓફિસ મોકલી આપ્યો છે.


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485



ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS & TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com


# DCM શ્રીરામે ઝગડીયા ખાતે
# એપિક્લોરોહાઈડ્રિન પ્લાન્ટનું કમિશનિંગ કર્યું

DCM શ્રીરામ લિમિટેડે ગુજરાતના ભરૂચ જિલ્લાના ઝઘડિયા સ્થિત તેના કેમિકલ પ્લાન્ટમાં 35,000 TPA ક્ષમતા ધરાવતા એપિક્લોરોહાઈડ્રિન (ECH) પ્લાન્ટનું કમિશનિંગ કર્યું છે.

કંપની અનુસાર, ૧૪ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ આ કમિશનિંગ પૂર્ણ થયું છે અને બાકી રહેલી 17,000 TPA ક્ષમતા ટૂંક સમયમાં ઓનલાઈન લાવવામાં આવશે.

ECH એક મહત્વપૂર્ણ ઈન્ટરમિડીયેટ કેમિકલ છે, જે ક્લોરિન અને ગ્લિસરોલ માંથી તૈયાર થાય છે. તેનો મુખ્ય ઉપયોગ લિક્વિડ એપોક્સી રેઝિન્સના ઉત્પાદન માટે થાય છે – જે કોટિંગ, એડહેસિવ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્પોઝિટ મટિરિયલ્સ માટે અનિવાર્ય ઘટક છે. આ વિકાસ કંપનીના ક્લોર-આલ્કાલી ઓપરેશનના આગળના ઈન્ટિગ્રેશન નું પ્રતિબિંબ છે.

વિશ્વના મોટાભાગના ECH પ્લાન્ટ્સ પ્રોપીલીન, એક ફોસિલ આધારિત ફીડસ્ટોક, પર આધારિત હોય છે, જ્યારે DCM શ્રીરામનો આ પ્લાન્ટ ગ્લિસરીન — જે બાયોડીઝલ ઉત્પાદનનો બાય-પ્રોડક્ટ છે — તેનો ઊપયોગ ફીડસ્ટોક તરીકે કરે છે. કંપનીએ જણાવ્યું છે કે યુરોપિયન ટેકનોલોજી આધારિત આ મોડેલ પ્લાન્ટનું કાર્બન ફૂટપ્રિન્ટ નોંધપાત્ર રીતે ઘટાડે છે. કંપનીના એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, આ ECH પ્લાન્ટનું કમિશનિંગ ઈમ્પોર્ટ સબસ્ટિટ્યુશન તરફ એક મહત્વપૂર્ણ પગલું છે અને ભારતમાં ગ્રીન મેન્યુફેક્ચરિંગ અને આત્મનિર્ભર કેમિકલ્સ અને મટીરીયલ્સ સેક્ટરને પ્રોત્સાહિત કરતી નીતિઓ સાથે સુસંગત છે.


Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA



OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687



SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat



STAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

## તંત્રીલેખ

### લોનધારકો દ્વારા આત્મઘાત

સોશિયલ મીડિયા ફરીથી નિશાનમાં છે, અને યોગ્ય રીતે. ભારત સરકારે આ મીડિયાને કપટપૂર્ણ ડિજિટલ લોન એપ્સની જાહેરાતો બતાવવા સામે ચેતવણી આપી છે. સોશિયલ મીડિયા ભલે આ જાહેરાતો બતાવવામાં સક્રિય હોય, વાસ્તવિક અપરાધ ઓનલાઈન લોન આપનારાઓની નિર્દયતા છે. તેઓ નાની રિટેલ લોનનું નેટવર્ક બનાવવા માટે ઝડપથી વિકસતા પ્લેટફોર્મનો લાભ લઈ રહ્યા છે. આ વર્ષે સંસદીય સમિતિના અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં ડિજિટલ લોન ઈ. સ. ૨૦૧૨ અને ઈ. સ. ૨૦૨૪ વચ્ચે વાર્ષિક ૪૦ ટકાના દરે વધીને ૪૦૦ બિલિયન સુધી પહોંચવાની અપેક્ષા છે. આ વૃદ્ધિનો એક ભાગ ડિજિટલ લોન એપ્સને કારણે છે. ડીએલએના વ્યવસાયનું ચોક્કસ મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે.

કારણ કે તેનો મોટો ભાગ ગેરકાયદે છે. આરબીઆઈએ ઘણા સમય પહેલા સન ૨૦૨૧માં બે મહિના સુધી ડિજિટલ લોન એપનો અભ્યાસ કર્યો હતો. તેમાં જાણવા મળ્યું કે ૮૧ એપ સ્ટોર્સ પર કુલ ૧,૧૦૦ લોન એપ્સ ઉપલબ્ધ છે. જેમાંથી ૬૦૦ ગેરકાયદે છે. દરરોજ નવી નવી લોન એપ્લિકેશનો લોન્ચ થઈ રહી છે. એની લાયસન્સ પ્રક્રિયા પણ અદ્ધરતાલ છે. હવે તો મેનેજમેન્ટ અને ટેકનિકલ નિષ્ણાત ઉમેદવારોની એક ટુકડી બનાવો એટલે બે નંબરી લોન એપ્લિકેશન લોન્ચ થઈ જાય છે અને તરત જ 'આ જા ફસા જા' ગેઈમ શરૂ થઈ જાય છે. લોન લેનારા બહુ પસ્તાય છે, પણ એકવાર ગેઈમ શરૂ થાય પછી પૂરી થતાં બહુ જ વાર લાગે છે.

ઉપભોક્તા સર્વેક્ષણો અને પોલીસ તપાસ આ બે મુખ્ય કડીના અભાવને કારણે ગ્રાહક લોન એપ્લિકેશન્સની દુનિયા તરફ ખેંચાય છે. અનૌપચારિક ધિરાણ અને તે જ કારણસર ગેરકાયદે લોન એપ્લિકેશન્સ સૌથી પહેલાં તો ગ્રાહકોને આકર્ષે છે સરળતા. જરૂરિયાતમંદ લોકોને સરળતાથી લોન મળે છે. વ્યાજ દરો બેંકો કરતા ઘણા વધારે છે, પરંતુ તે પછી જે થાય છે તે ડિજિટલ વિશ્વ માટે ખૂબ જ ખતરનાક છે. એપ્સ ફોનમાં ડાઉનલોડ થાય છે. છેતરપિંડી કરનાર લોન એપ્લિકેશન્સ ગેરકાયદે રીતે લોન લેનારાઓના ફોન ડેટાની નકલ કરે છે. તે ડેટાનો ઉપયોગ દેવાદારોને હેરાન કરવા માટે કરવામાં આવે છે જ્યારે તેઓ ચુકવણીમાં વિલંબ કરે છે. પોલીસ તપાસ દર્શાવે છે કે આ છેતરપિંડી કેવી રીતે થાય છે.

હેરાનગતિનો એક માર્ગ એ છે કે ઋણ લેનારનો ફોટો વિકૃત કરીને તેની સંપર્ક યાદીમાં રહેલા લોકોને મોકલે છે. જેના કારણે ઘણી વખત લોન ધારકોએ આપઘાત પણ કર્યો છે. આરબીઆઈનું કાર્યક્ષેત્ર બેંકો, એનબીએફસી જેવા નાણાકીય મધ્યસ્થીઓ સુધી મર્યાદિત છે. તે બધા પણ હંમેશા નિર્દોષ નથી હોતા. ઈ. સ. ૨૦૨૨-૨૩માં તેમની સામે ૧,૦૬૨ ફરિયાદો નોંધવામાં આવી હતી, પરંતુ ગેરકાયદે લોન એપ્સનો મામલો અલગ સ્તરનો છે. કેટલાક કિસ્સાઓમાં, તપાસમાં જાણવા મળ્યું છે કે એપ્સ હોંગકોંગથી કાર્યરત ચીની કંપનીઓની માલિકીની છે. લોન એપના ગુનામાં મની લોન્ડરિંગનો એંગલ પણ છે.

આ કારણોસર, તેમની સાથે વ્યવહાર કરવા માટે ઘણી એજન્સીઓએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. જે રીતે ઓટીટી પ્લેટફોર્મ પર આજકાલ અપશબ્દોથી ભરચક હિન્દી સિરિયલો ધૂમ મચાવે છે ને એના સુધી સેન્સર બોર્ડ પહોંચી શક્યું નથી એવું જ લોન એપ્લિકેશન ક્ષેત્રમાં છે કે જ્યાં દર મિનિટે હજારોની સંખ્યામાં મધ્યમ કે ગરીબ સ્તરનો ભારતીય નાગરિક શિકાર બની રહ્યો છે. ભારત સરકારના હુકમ પર એપ્રિલ ૨૦૨૧થી જુલાઈ ૨૦૨૨ વચ્ચે પ્લે સ્ટોર પરથી ૨,૫૦૦થી વધુ એપ્સ દૂર કરવામાં આવી હતી. આ એક સતત પ્રક્રિયા છે જેની સાથે જનજાગૃતિ અભિયાન, ઝડપી પોલીસ તપાસ અને ગુનેગારો સામે ઝડપી ટ્રાયલ થવી જોઈએ, પરંતુ ભવિષ્યમાં આવી સમસ્યાઓ ઊભી ન થાય તે માટે કાનૂની માધ્યમથી લોન લેવાની પ્રક્રિયા સરળ બને તે જરૂરી છે.

### એઆઈએના કોન્ફરન્સ રૂમમાં સ્વદેશી વિષે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું

અંકલેશ્વર એઆઈએ કોન્ફરન્સ હોલ ખાતે સ્વદેશી સેમિનાર યોજાયો હતો. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અને અંકલેશ્વર ઉદ્યોગ મંડળ દ્વારા જીઆઈડીસી અંકલેશ્વર ખાતે "હર ઘર સ્વદેશી,ઘર ઘર સ્વદેશી" અંતર્ગત સ્વદેશી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના પ્રોફેસર અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વદેશી અંગેના વિચારો અને પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. સેમિનારમાં જીઆઈડીસી વહીવટી સંકુલ સ્ટાફ, જીઆઈડીસી નોટિફાઈડ વિસ્તારની કચેરીના સ્ટાફ તેમજ અંકલેશ્વર જીઆઈડીસી ખાતે ના ઉદ્યોગોના હોદ્દેદારો દ્વારા ભાગ લીધો હતો. જેમાં મુખ્યત્વે સ્વાવલંબન, સ્વદેશી અને સરદાર વલ્લભભાઈ પટેલ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તેમજ આત્મનિર્ભર ભારત અંતર્ગત સ્વદેશી વસ્તુ નો વપરાશ કરવા અંગે જરૂરી સૂચનો પણ આપવામાં આવ્યા હતા. હાજર રહેલા આયોજક અને ભાગ લીધેલ તમામ દ્વારા એકતા શપથ અને સ્વદેશી શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા.

# ક્લાઈમેટ સમિટ : પઈની પેદાશ નહીં અને ઘડીની નવરાશ નહીં




**પર્યાવરણ અને ગ્લોબલ એન્વાર્યનમેન્ટની સ્થિતિ અત્યંત ડામાડોળ છે અને છતાં હજારો લોકો પ્રાઈવેટ જેટ લઈને, વિમાનોમાં સવાર થઈને લાખો કરોડોની કિંમતના પેટ્રોલના ધુમાડા કરીને પર્યાવરણ બચાવવાની વાતો કરશે : નવાઈની વાત એ છે કે, અત્યાર સુધી યોજાયેલી આગળની ૨૯ ક્લાઈમેટ સમિટમાંથી મોટાભાગની સમિટના તારણો અને ઉકેલ ઉપર ખાસ અમિલકરણ થયું જ નથી. તેમાંય કેટલી મોટી ક્લાઈમેટ સમિટના નિર્ણયો ઉપર અમલિકરણ થવાનું તો દૂર પણ અવળી પરિસ્થિતિ જોવા મળી છે : ૨૦૨૪માં જ ભારતમાં ભયાનક વરસાદ પડયો હતો અને મોટા પ્રમાણમાં પૂર આવ્યું હતું. તેના કારણે ગુજરાત, મહારાષ્ટ્ર અને ત્રિપુરાના જ ૮૦ લાખ કરતા વધારે લોકોને અસર થઈ હતી**

બ્રાઝિલમાં સંયુક્ત રાષ્ટ્રની ક્લાઈમેટ સમિટની શરૂઆત થઈ ગઈ છે. તેની શરૂઆત જ ભયાનક વિરોધ અને વિદ્રોહ સાથે થઈ છે. યુએનની આ COP30 ક્લાઈમેટ સમિટમાં ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણને બચાવવાની વાતો, ગરમીને કેવી રીતે ઓછી કરી શકાય, વારંવાર આવતા વાવાઝોડા, અતિવૃષ્ટી, ભૂકંપો વગેરે જેવી કુદરતી આપત્તીઓનો રોકવા માટે ચર્ચા થવાની છે. ૧૨ નવેમ્બરથી શરૂ થયેલી આ સમિટ ૨૧ નવેમ્બર સુધી ચાલવાની છે. દુનિયાભરના પર્યાવરણવિદોની નજર આ ક્લાઈમેટ સમિટ ઉપર છે પણ બ્રાઝિલના સ્થાનિકો તો આ સમિટનો મોટાપાયે વિરોધ કરી રહ્યા છે.

આ સમિટનો વિરોધ કરનારા સંગઠનોનું કહેવું છે કે, યુએનની આ સમિટનો કોઈ લાભ નથી. આ પહેલાં ૨૯ સમિટ કરવામાં આવી છે. તેમાં નીકળેલા તારણો અને લેવાયેલા નિર્ણયોનો આજદિન સુધી સંપૂર્ણ અમલ કરી શકાયો નથી. લોકોનું કહેવું છે કે, ગત સમિટમાં પણ જે નિર્ણયો લેવામાં આવ્યા છે તેનો પણ યોગ્ય રીતે અમલ કરી શકાયો નથી. પર્યાવરણ અને ગ્લોબલ એન્વાર્યનમેન્ટની સ્થિતિ અત્યંત ડામાડોળ છે અને છતાં હજારો લોકો પ્રાઈવેટ જેટ લઈને, વિમાનોમાં સવાર થઈને લાખો કરોડોની કિંમતના પેટ્રોલના ધુમાડા કરીને પર્યાવરણ બચાવવાની વાતો કરશે. તેનાથી પણ મોટી વાત એ છે કે, બેલમ શહેરમાં નદી કિનારે એસી ટેન્ટ બનાવવામાં આવ્યા છે જેથી લોકોને ગરમી ન લાગે અને મિટિંગો ચાલતી રહે. આટલી મોટી સંખ્યામાં એસી ચાલવાના કારણે ગ્રીનહાઉસ ગેસનું પ્રમાણ વધી ગયું છે છતાં જંગલમાં એસી ટેન્ટ બનાવીને બ્રાઝિલ અને એમેઝોન જંગલ બચાવવા મિટિંગ થવાની છે. સ્થાનિકોમાં તેના માટે જ રોષ ફેલાયો છે કે અમારા જ જંગલને અને અમારી જ જમીનને બચાવવાની વાત થાય છે અને અમારું જ પ્રતિનિધિત્વ નથી.

ઉલ્લેખનીય છે કે, યુએન દ્વારા જે બેઠક બોલાવાઈ છે તેનો સાર સમજવો પડશે. યુએનની આ COP30 બેઠકને કોન્ફરન્સ ઓફ ધ પાર્ટિઝ પણ કહેવાય છે. યુએન ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ હેઠળ દર વર્ષે આવી બેઠક થાય છે. ૧૯૯૨થી પર્યાવરણની સુરક્ષા માટે આ પ્રકારની બેઠકો કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૨૯ વખત બેઠક થઈ ગઈ છે. આ વખતે બ્રાઝિલમાં ૩૦મી બેઠક યોજવામાં આવી છે. ખાસ વાત એ છે કે, બ્રાઝિલમાં એમેઝોન જંગલમાં આવેલા એમેઝોન નદીના કિનારે વસેલા આદિવાસીઓના શહેર બેલમમાં નદી કિનારે જ એસી ટેન્ટ સિટી વિકાસવીને આ સમિટ યોજવામાં આવી રહ્યું છે. આ રીતે આ સમિટ દ્વારા જંગલોના મહત્ત્વ વિશે લોકોને સમજાવી શકાય અને ઉજાગર કરી શકાય. ૨૧ નવેમ્બર સુધી ચાલનારી આ સમિટમાં ૧૯૮ દેશોના નેતાઓ, ટોચના લિડર્સ, સાયન્ટિસ્ટ, સંશોધકો, એનજીઓના સભ્યો, પર્યાવરણ પ્રેમીઓ અને એક્ટિવિસ્ટ સહિત કુલ ૫૦,૦૦૦ લોકો આવ્યા છે. આ તમામ લોકો પર્યાવરણ બચાવવા માટે ચર્ચા કરવા છે.

કહેવાય છે કે, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જની સ્થિતિ દિવસે ને દિવસે અત્યંત વિકટ થતી જાય છે. ૨૦૨૪નું વર્ષ સૌથી ગરમ વર્ષ પણ રહ્યું હતું. જાણકારો માને છે કે, પેરિસ એગ્રિમેન્ટ દરમયાન નક્કી કરવાં આવ્યું હતું કે, આગામી એક દાયકામાં પૃથ્વીનું તાપમાન ૧.૫ ડિગ્રીથી વધારે કરવામાં આવશે નહીં પણ હાલમાં આપણે ભયાનક સ્થિતિમાં છીએ. પૃથ્વીનું તાપમાન અત્યારે ૩ ડિગ્રીના વધારા સુધી પહોંચવા આવ્યું છે. આ વખતે યોજાનારું આ COP30 સમિટ પેરિસ એગ્રિમેન્ટ દરમિયાન નક્કી કરાયેલા આયોજનો અને સંકલ્પને વધારે મજબૂત કરવામાં મદદગાર સાબિત થશે તેવું મનાય છે.

આ સમિટમાં ભાગ લેનારા સંશોધકો અને જાણકારોનું કહેવું છે કે ગ્લોબલ વોર્મિંગથી બચવું હશે અને ક્લાઈમેટ ચેન્જથી આગામી પેઢીને સુરક્ષિત રાખવી હશે તો જંગલો બચાવવા પડશે. એમેઝોન દુનિયાના ફેફસાં ગણાય છે. તે સૌથી વધારે કાર્બન ડાયોક્સાઈડ શોષે છે અને ઓક્સિજન પૂરો પાડે છે. તાજેતરમાં શરૂ થયેલી COP30 સમિટ ડિફોરેસ્ટેશનને રોકવા માટે નવા આયોજનો અને નવી કામગીરી ઉપર ચર્ચા કરશે. ધનિક દેશો દ્વારા ક્લાઈમેટ ચેન્જમાં પરિવર્તન લાવવા અને સ્થિતિ સુધારવા માટે ગરીબ દેશોને ૧૦૦ બિલિયન ડોલરનું વાર્ષિક ભંડોળ આપવામાં આવશે તેવો વાયદો ગત સમિટમાં કરવામાં આવ્યો હતો પણ તેનું હજી પાલન કરાયું નથી. આ વખતે ૧ ટ્રિલિયન ડોલરના ટાર્ગેટ અંગે વિચારણા કરવામાં આવશે. બીજી તરફ આફ્રિકા, એશિયા અને ખાડી દેશો તથા દ્વિપ દેશોમાં વારંવાર આવતા ચક્રવાત અને વાવાઝોડા તથા અન્ય કુદરતી આપત્તીઓથી લોકોને બચાવવા અને સ્થિતિ સુધારવા માટે વધુ મદદ અને આયોજન અંગે વિચારણા કરવામાં આવશે. નવાઈની વાત એ છે કે, અત્યાર સુધી યોજાયેલી આગળની ૨૯ ક્લાઈમેટ સમિટમાંથી મોટાભાગની સમિટના તારણો અને ઉકેલ ઉપર ખાસ અમલીકરણ થયું જ નથી. તેમાંય કેટલી મોટી ક્લાઈમેટ સમિટના નિર્ણયો ઉપર અમલીકરણ થવાનું તો દૂર પણ અવળી પરિસ્થિતિ જોવા મળી છે. ગત વર્ષની જ વાત કરીએ તો COP29 સમિટ દરમિયાન ફાઈનાન્સ ઉપર ફોકસ કરવાનું નક્કી થયું હતું. ધનિક દેશો દ્વારા ક્લાઈમેટ ચેન્જ સામે લડવા ગરીબ દેશોને ફંડ આપવામાં આવસે તેવું નક્કી થયું હતુ પણ તે વાયદા પૂરા થયા નહીં. નવા ફંડ સેટઅપ થયા નહીં અને જે ફંડ આવ્યું તે પણ ઓછું આવ્યું જેના કારણે ગરીબ દેશોને ખાસ લાભ થયો નહીં. તેવી જ રીતે COP26 સમિટ જે ૨૦૨૧મા ગ્લાસગો ખાતે યોજાઈ હતી તેમાં કોલ ફેઝ ડાઉનનો નિર્ણય લેવાયો હતો. તમામ દેશો દ્વારા કોલસાનો ઉપયોગ ધીમે ધીમે ઘટાડવાની ચર્ચા થઈ હતી. હાલમાં પણ કોલસાનો ઉપયોગ પહેલાં જેટલો જ થઈ રહ્યો છે. ગણતરીના દેશો દ્વારા તેમાં ઘટાડો કરાયો છે બાકી સરેરાશ સ્થિતિમાં કોઈ જ સુધારો નથી.

તેનાથી થોડા આગળ જઈએ તો એક દાયકા પહેલાં પેરિસ ખાતે યોજાયેલી સમિટમાં પેરિસ એગ્રિમેન્ટ કરવામાં આવ્યો હતો. તેમાં રિન્યૂએબલ એનર્જીના વપરાશમાં વધારો કરવાનું નક્કી કરાયું હતું. આ મુદ્દે સફળતા મળી છે અને રિન્યૂએબલ એનર્જીનો ઉપયોગ એક દાયકામાં ત્રણ ગણો વધ્યો છે.

બીજી તરફ તે સમિટમાં ધનિક દેશોએ ફંડની જવાબદારી લીધી હતી તેમાં ઉણા ઉતરવા લાગ્યા અને તેના પગલે સ્થિતિ ડામાડોળ થઈ ગઈ તેની કોઈ ચર્ચા નથી. હાલમાં જે સમિટ ચાલી રહી છે તેમાં પેરિસ રિવ્યૂ ઉપર વધારે ફોકસ કરવા તથા જંગલો બચાવવા અને જમીન સુરક્ષિત રાખવા ઉપર વધારે ધ્યાન કેન્દ્રીત કરાઈ રહ્યું છે.

**કુદરતી આપત્તિઓને પગલે છેલ્લાં ૩ દાયકામાં ભારતમાં ૮૦,૦૦૦ મોત**

બ્રાઝિલ ખાતે ચાલી રહેલા ક્લાઈમેટ સમિટ દરમિયાન દરેક કોન્ટિનેન્ટ અને તેના વિવિધ સેક્ટર તથા તેમાં આવેલા દેશોની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત દુનિયામાં કુદરતી આપત્તીઓના ભોગ બનનારા ટોચના દેશઓ અંગે પણ ચર્ચા કરાઈ હતી. તેમાં જણાવાયું હતુ કે, ભારતમાં છેલ્લાં ત્રણ દાયકામાં ક્લાઈમેટ ચેન્જની મોટી અસર થઈ છે.

દુનિયાના ક્લાઈમેટ ચેન્જથી પરેશાન દેશોમાં ભારત ટોપટેનમાં આવે છે. તે નવમા ક્રમે આવે છે. છેલ્લાં ત્રીસ વર્ષમાં ૪૩૦ જેટલી ભયાનક કુદરતી આપત્તીઓ નોંધાઈ છે જે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના પરિણામ જેવી હતી. ૧૯૯૫થી અત્યાર સુધીમાં ભારતમાં ક્લાઈમેટ ચેન્જના કારણે આવેલી કુદરતી આપત્તીઓમાં ૮૦,૦૦૦ લોકોનાં મોત થયા છે જ્યારે દેશની મોટાભાગની એટલે કે અંદાજે ૧.૩ અબજ વસતી કોઈને કોઈ મુશ્કેલી અને સમસ્યાનો સામનો કરી રહી છે. ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ ૨૦૨૬ નામના આ અહેવાલમાં જણાવાયું છે કે, ભારતની મોટાભાગની વસતી ક્લાઈમેટ ચેન્જથી પરેશાન છે. તેના કાણે ત્રણ દાયકામાં ભારતે ૧૭૦ અબજ ડોલરનું નુકસાન વેઠવું પડયું છે.

પૂર, વાવાઝોડા, દુકાળ અને હીટ વેવ જેવી કુદરતી આપત્તીઓએ ભારતમાં કેર વર્તાવ્યો છે. જાણકારોના મતે ૧૯૯૮માં ગુજરાતમાં આવેલું ભયાનક વાવાઝોડું, ૧૯૯૯માં ઓડિશામાં આવેલું સુપર સાઈક્લોન તથા ૨૦૧૩માં ઉત્તરાખંડમાં આવેલું ભીષણ પૂર તથા તાજેતરના કેટલાક વર્ષોમાં હીટ વેવથી થઈ રહેલા લોકોનાં મોતે ભારતને આ ઈન્ડેક્સમાં ટોચના ૧૦ દેશોમાં રાખ્યો છે. અહેવાલો જણાવે છે કે, ભારતમાં થઈ રહેલા વિકાસ અને જંગલો તથા ઉપજાઉ જમીનોના આડેધડ નિકંદનને કારણે ક્લામેટ ચેન્જની અસર વધારે વકરી રહી છે. તેના કારણે કુદરતી આપત્તીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ભારતમાં વરસાદની અનિશ્ચિતતાઓ એટલી બધી છે કે, અતિવૃષ્ટિ થાય કે દુકાળ પડે તો કરોડો લોકો તેનો ભોગ બનતા હોય છે. અતિવૃષ્ટિની જ વાત કરીએ તો ૨૦૨૪માં જ ભારતમાં ભયાનક વરસાદ પડયો હતો અને મોટા પ્રમાણમાં પૂર આવ્યું હતું. તેના કારણે ગુજરાત, મહારાષ્ટ્ર અને ત્રિપુરાના જ ૮૦ લાખ કરતા વધારે લોકોને અસર થઈ હતી.

**ત્રણ દાયકામાં દુનિયાભરના દેશોને કુદરતી આપત્તિઓમાં ૪.૫ ટ્રિલિયન ડોલરનું નુકસાન થયું**

જાણકારોના મતે માત્ર ભારત જ નહીં પણ પૂર, વાવાઝોડું અને અતિવૃષ્ટિ ગત વર્ષે દુનિયાભરના દેશો માટે મુસીબત બન્યા હતા. તેના કારણે દુનિયાભરની અડધી વસતી હેરાન થઈ હતી અને અબજો ડોલરનું નુકસાન થયું હતું. આ અહેવાલમાં જોઈએ તો છેલ્લાં ત્રણ દાયકામાં ક્લાઈમેટ ચેન્જના અસર રૂપ જે કુદરતી આપત્તીઓ આવી તેનો આંકડો ખૂબ જ મોટો છે. ૧૯૯૫થી ૨૦૨૪ સુધીમાં ૯,૭૦૦ કુદરતી આપત્તીઓ આવી જેમાં ૮.૩ લાખલોકોના જીવ ગયા છે. તે ઉપરાંત ૫.૭ અબજ લોકો તેનો સીધી કે આડકતરી રીતે ભોગ બન્યા છે. તે ઉપરાંત દુનિયાના દેશોને કુલ ૪.૫ ટ્રિલિયન ડોલરનું નુકસાન થયું છે. સૌથી ખરાબ વાતાવરણની અસરનો ભોગ બનનારો ટોચનો દેશ ડોમિનિકા છે. ત્યારબાદ મ્યાંમાર, હોન્ડુરાસ, લિબિયા, હૈતી, ગ્રેનાડા, ફિલિપાઈન્સ, નિકારાગુઆ, ભારત અને બહામાસ આવે છે. જાણકારો માને છે કે, ગત વર્ષે અલ નિનોએ વાતાવરણ અને ઋતુચક્રમાં મોટાપાયે ફેરફાર કર્યા હતા પણ સાથે સાથે ક્લાઈમેટ ચેન્જની પણ તેની ઉપર વ્યાપક અસર થઈ હતી. તેના કારણે જ વૈશ્વિક ધોરણે હીટવેવ, વાવાઝોડા, પૂર જેવી કુદરતી આપત્તીઓમાં અતિશય વધારો જોવા મળ્યો હતો.

# ગોદરેજ કંપનીના ૮.૨૫ કરોડના કેમિકલ સગેવગે કરવાના કૌભાંડમાં ડ્રાઈવરો સહીત ૧૦ આરોપીની ધરપકડ

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના કનેરાવ ગામની સીમમાં આવેલ ગોદરેજ કંપનીમાં વિદેશથી આયાત કરેલ રો-મટિરિયલ્સ ટ્રાન્સપોર્ટર. સબ-ટ્રાન્સપોર્ટરો અને સહભાગી સહિત ડ્રાઈવરોએ રૂપિયા ૮.૨૫ કરોડનું કેમિકલ સગેવગે કરી વિશ્વાસઘાત કર્યો હોવાનું વાલિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી .આ મામલામાં વાલિયા પોલીસે દસ ડ્રાઈવરોની ધરપકડ કરી રૂપિયા ૨.૫૦ કરોડના ૧૦ ટેન્કરો જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે

વાલિયા તાલુકાના કનેરાવ ગામની સીમમાં આવેલ ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ કંપની દ્વારા ઈન્ડોનેશિયા, મલેશિયા, લેટિન,અમેરિકા અને થાઈલેન્ડમાંથી આયાત કરવામાં આવતા રો-મટિરિયલ્સ જેવા કે લોરીલ.આલ્કોહોલ.લોરલ આલ્કોહોલ, લોરીલ મિટીસ્ટિક, આલ્કોહોલ, લોરીલ આલ્કોહોલ ઈથોકિસલેટ, લોરીલ ડાઈમીથાઈલ એમાઈન,ક્રુડ ગ્લિશરીન અને કોકો ડાઈ ઈથેનોલ જેનો ઉપયોગ સરફેક્ટન્સ અને સ્પેશિયાલીટીઝના ઉત્પાદન કરી કાચો અને પાકો માલ વિદેશથી આયાત કરવામાં આવે છે.

આ તમામ મટિરિયલ્સ નવી મુંબઈના નહવા શેવા પોર્ટથી કંપનીએ નક્કી કરેલ ટ્રાન્સપોર્ટ દ્વારા પહોંચાડવામાં આવે છે.ત્યારે ૧લી એપ્રિલથી ૩જી નવેમ્બર સુધીમાં લિંક લોજીસ્ટિક્સ મુંબઈ ,ટ્રાન્સલીક મુંબઈ, સોનું કાર્ગો મુંબઈ અને તાઝ ટ્રાન્સપોર્ટ મુંબઈ,સબ ટ્રાન્સપોર્ટના ડ્રાઈવરો તેમજ સહભાગીદારોની કાર્ગો મુંબઈ અને તાઝ ટ્રાન્સપોર્ટ મુંબઈ,સબ ટ્રાન્સપોર્ટના ડ્રાઈવરો તેમજ સહભાગીદારોની મિલીભગતથી કંપનીમાં કેમિકલ્સનું પરિવહન કરતા વાહનોમાંથી રસ્તામાં ટ્રાન્સપોર્ટરો અને ડ્રાઈવરો તેમજ સહભાગીદારોએ રો-મટિરિયલ્સ સગેવગે કરી કંપની સાથે રૂપિયા ૮.૨૫ કરોડની છેતરપીંડી કરતા કંપની દ્વારા વાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી હતી દરમ્યાન વાલિયા પોલીસે ડ્રાઈવર સંજીવ યાદવ ,શાહેઆલમ ખાન., અખિલેશ પાંડે, રૂપેશ ભોઈર રમેશ યાદવ, અમર્બેજ યાદવ ઈસરાક અહમદ રોહિત નામદેવ અને મહંમદ મારુફ સુલતાન ની ધરપકડ કરી રૂપિયા ૨ કરોડ ૫૦ લાખના ૨૦ ટેન્કર જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

ટ્રાન્સપોર્ટરોએ રસ્તામાં માલ સગેવગે કરવા માટે ખાસ આયોજન કર્યું હતું. IOS ટાંકી અથવા કન્ટેઈનર સીલ કરવા છતાં તેમાંથી માલ કાઢી શકાય તેવી ક્ષતિ તેમણે રાખી હતી. IOS ટાંકીના મેન હોલ અને બોટમ વાલ્વ સીલ હોય ત્યારે ફલેન્જ સરળતાથી ખોલી શકાય તેવી ક્ષતિ રાખી હતી. ઉપરાંત ફલેન્જને ખોલવા સહિત ચાર ખુલ્લા પોઈન્ટમાંથી સીલને સ્પર્શ કર્યા વિના માલ કાઢી શકાય તેવી તેમજ ટ્રેલર-કન્ટેનરમાં ટોપ મેનહોલ પણ લોક તોડયાં વિના ૩ સેન્ટીમિટર ઉંચુ કરી શકાતું હોઈ તેમાંથી ડ્રાઈવરો તેમજ ટ્રાન્સપોર્ટ સંચાલકો અને તેમના સાગરિતો માલ કાઢતાં હતાં.


પોલીસની પ્રાથમિક પુછપછરમાં આરોપીઓ પડી ભાંગતા તેમણે કબલ્યું હતું કે, તેઓના માલિક કે અન્ય કોઈ સાગરિત તેમને રસ્તામાં કોઈ સ્થળે ટેન્કર-કન્ટેઈનર ઉભી રખાવતા હતા. તેમાંથી ૧૫-૨૦ લિટરના એકાદ-બે કારબા જ માલ કાઢી લેતાં હતાં. જેથી કરીને વજનમાં માત્ર એકદમ સામાન્ય બદલાવ આવતાં જે તે વજન કાંટાવાળા કે કંપનીવાળા તેને નજર અંદાજ કરતાં હતાં.

## જીપીએસ લિંક, વે-બ્રીજની કેલિબ્રેશને તેમજ સીલ પેક છતાં માલ સ્પર્શ વિના કાઢી શકાય તેને ચોરીની શંકાને મજબૂત બનાવી

ચોરાયેલાં માલની તપાસને લઈને કંપનીએ તેમની પાસે જીપીએસ લિંક મેળવી હતી. જેમાં માલુમ પડયું હતું કે, જીપીએસ લિંક માત્ર કન્સાઈન્ટમેન્ટ પોર્ટ છોડયાં પછી ૧૨ કલાકમાં આવી હતી. જેથી રીયલ ટાઈમ ટ્રેકિંગ કરતી નથી. મુંબઈના નાવા સેવા પોર્ટથી ફેક્ટરી સુધી ડ્રાઈવર ૪૮ કલાકથી વધુ સમયે આવ્યો હતો. જો કે, યોગ્ય આરામ અને બ્રેક સાથે તે ૨૦ થી ૨૪ કલાકમાં કંપનીમાં પહોંચી શકે છે. કેટલીંક લિંક થોડા સમય માટે નિષ્ક્રીય થઈ હતી. તેમજ વાહનો ૪થી ૧૨ કલાક સુધી અનધિકૃત રીતે રસ્તામાં રોકાયાં હતાં. જેથી આ સમયમાં જ માલ સગેવગે કરાયાની શંકા છે.

ટ્રાન્સ્પોર્ટરો સાથે કંપનીએ તેમને મળેલાં મટિરીયલમાં ઘટ હોવાનું જણાવતાં તેમણે IOS ટાંકી અથવા કન્ટેઈરન સીલ પેક હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત તેમણે દાવો કર્યો હતો કે, IOS ટાંકી અથવા કન્ટેનર સીલ તોડ્યા વિના ચોરી શક્ય નથી. જેથી કંપનીએ તેનું નિરીક્ષણ કરતાં જણાયું હતું કે, IOS ટાંકીના સીલ ચોરી પ્રુફ નથી, જ્યારે મેન હોલ અને બોટમ વાલ્વ સીલ હોય ત્યારે ફલેન્જ સરળતાથી ખોલી શકાય છે અને ચોરી કરી શકાય છે. ઉપરાંત ફલેન્જ સરળતાથી ખોલવા સાથે ચાર ખુલ્લા પોઈન્ટ છે ત્યાંથી માલ સ્પર્શ વિના કાઢી શકાય છે.

એપ્રિલ ૨૦૨૫થી ૩ નવેમ્બર ૨૦૨૫ સુધીછના સપ્લાય રેકોર્ડની ચકાસણીમાં કુલ રૂપિયા ૮. ૨૨ કરોડનો માલ ઓછો આવ્યો હોવાનું જણાતાં કંપનીએ પહેલાં કંપનીમાં આવેલાં ત્રણ પૈકી બે વે-બ્રિજ જે ઉપયોગમાં લેવાય છે તેની ચકાસણી કરવામાં આવી હતી. કંપનીએ તેનું થર્ડ પાર્ટી દ્વારા પણ વે-બ્રિજની કેલીબ્રેશન ચકાસણી કરાવતાં તે યોગ્ય હોવાનું માલુમ પડયું હતું. કંપનીએ નાવાસેવા પોર્ટ પરના વે-બ્રીજની કેલિબ્રેશનની પણ ચકાસણી કરાવી હતી. તેમાં પણ કોઈ ક્ષતિ ન હોવાનું જણાયું હતું.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com



FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# દહેજ ખાતે ૫ મો ઈન્ડસ્ટ્રીઅલ એક્સપો યોજાઈ ગયો









તારીખ ૧૨ થી ૧૪ નવેમ્બરે દહેજ ખાતે ત્રિદિવસીય ઈન્ડસ્ટ્રીઅલ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૪૫૦ ઉપરાંત કંપનીઓએ ભાગ લીધો હતો.

તારીખ ૧૨ મીરએ ભરૂચના સંસદ મનસુખભાઇ વસાવાના હસ્તે ઉદ્ઘાટન સમારોહ રાખવામાં આવ્યો હતો. તેમણે પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતુ કે વડાપ્રધાને દેશને અમેરિકા અને ચીનની હરોળમાં ઉભા કરવાની નેમ હતી. તે કરી બતાવ્યું છે. તેમને સ્થાનિકોને નોકરી તેમજ રોજગાર આપવા અપીલ કરી હતી. તેમને સરકારની ઈન્ડ્સ્ટ્રીઝને વધારેમાં વધારે મદદ કરવાનો ઉલ્લેખ કર્યો હતો.

દહેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સુનિલ ભટ્ટે પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતુ કે દહેજ PCPIR માં દેશના બધાજ ખ્યાતનામ ઉદ્યોગ ગૃહોના યુનિટ કાર્યરત છે. અદાણી, અંબાણી નું રિલાયન્સ, ટાટા, બિરલા, તેમજ યુરોપીય યુનિયન, અમેરિકા જેવાના મલ્ટિનેશનલ કંપનીઓના પણ યુનિટ આવેલા છે.

દહેજ ખાતે આ ૫ મો ઈન્ડસ્ટ્રીઅલ એક્સ્પો છે. આ એક્સપોમાં વિશ્વ કક્ષાની લક્ઝરીયસ કાર કંપનીઓએ પણ પોતાના સ્ટોલ બુક કરાવ્યા છે. જે તેની ભવ્યતા અને દહેજના સતત વિકાસની ગાથા રજૂ કરે છે. મેં બીજા એક્સપોના ઉદઘાટન વખતે જણાવ્યું હતું કે આગામી વર્ષોમાં વિશ્વની મોંઘી લક્ઝરીયસ કારો પણ તેમના સ્ટોલ બુક કરાવશે. પાંચમાં એક્સપોમાં તે વાસ્તવિકતા બની.

ગુજરાતમાં સાણંદ અને દહેજ એમ બે એસ્ટેટની સ્માર્ટ એસ્ટેટ તરીકે પસંદગી કરવામાં આવી છે. અત્યારે સાણંદ ઉપર છે. પરંતુ બંનેની સ્થિતિમાં ફરક છે. દહેજ સાણંદ કરતા ૧૦ ગણું મોટું છે. દહેજે તેનો પગ નાખી દીધો છે. આગામી સમયમાં તે લાંબી છલાંગ મારશે. સાણંદ એન્જિનિયરિંગ એસ્ટેટ છે. જ્યારે દહેજ કેમિકલ અને પેટ્રોકેમિકલ એસ્ટેટ છે. તેણે પર્યાવરણની જાળવણી સાથે આગળ વધવાનું છે. દરિયાકિનારે આવેલ છે. કોરોઝનના પ્રશ્નો છે. એસ્ટેટમાં આવેલ દરેક લાઈનનું મેપિંગ કરવામાં આવ્યું છે. કઈ લાઇન ક્યાંથી પસાર થાય છે. તેની સંપૂર્ણ માહિતી છે.

તેમણે માહિતી આપતા જણાવ્યું હતુ કે એસ્ટેટમાં ૧૬૦ કિલોમીટરના રોડ છે. તેમાંથી ૫ વર્ષમાં વારાફરતી ૭૦ કિલોમીટરના રોડ RCC ના બનાવી દેવામાં આવ્યા છે. આ પ્રક્રિયા સતત ચાલુ જ છે.

એસ્ટેટમાં પાણીની લાઈનો૧૬૦ કિલોમીટર અને ડ્રેનેજની લાઈનો ૧૫૦ કિલોમીટર લાંબી છે. તેને તેમજ પર્યાવરણને ધ્યાનમાં રાખીને આ કામ કરવું એક ચેલેન્જ સમાન છે.

અત્યારે DPMC (ડીઝાસ્ટર પ્રીવેન્શન મૅનેજમેન્ટ સેન્ટર) નું એક બિલ્ડિંગ તૈયાર થઈ રહ્યું છે. આ ઉપરાત દહેજ- ૨ માટે બીજા ફાયર સ્ટેશનની માંગ કરવામાં આવી છે. દહેજ PCPIR માં દહેજ ૧,૨,૩ તેમજ દહેજ સેઝ ૧ ૨ એમ કુલ ૫ ભાગ છે. તે માટે વધારે સુવિધા ઉભી કરવાની જરૂર છે.

સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ માટે કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર થઈ રહ્યો છે. જે ૨૬- ૨૭ માં પૂર્ણ થઈ જશે. જેથી નાની કંપનીઓને તેમના જીપીસીબી ના નોર્મસનું પાલન કરવામાં સરળતા રહેશે.

અત્યારે ભરૂચથી દહેજ વચ્ચે રોડ બનાવવાનું કામ ચાલુ છે. રૉડ બનાવવા માટે ધારાસભ્ય અને સંસદસભ્યનો આભાર માન્યો હતો. તેમને ભરૂચથી દહેજ વચ્ચે રેલ કનેકટીવીટી વિશે રજુઆત કરી હતી. જેથી લોકોને ટ્રાન્સપોર્ટમાં આસાની રહે. રાજય રરકાર દ્વારા કેન્દ્ર સરકારમાં રજુઆત કરેલ છે. જો કે આવનાર સમયમાં આ રોડ પરનું ટ્રાફીક ભારણ ખૂબ વધી જવાનું છે.

તેમને જણાવ્યું હતું કે દેશમાં પ્રથમ ૧૦ નિકાસ કરતા જિલ્લામાં ગુજરાતનાં ૫ જિલ્લા છે. તેમાં ભરુચ જિલ્લો પણ છે. તેની વાર્ષિક નિકાસ ૬૯૦૦૦ કરોડ રૂપિયાની છે. ૨ લાખ લોકો કામ કરે છે. તેમાં ૧ લાખ લોકો દરરોજ આવન જાવન કરે છે. ભરૂચ જિલ્લાને એક બંદરની જરૂર છે. જેમાં મુંબઈના નવા સેવા જેવી સુવિધાઓ ઉપલબ્ધ હોય. રૉડ ઉપર જે ટ્રાફિકનું ભારણ છે તે ઘટાડવામાં ઉપયોગી સાબિત થશે.

ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ ભાડભૂત યોજનાની પ્રગતિ વિશે માહિતી આપી હતી. તેમજ કલ્પસર યોજના પણ આગળ વધવાની છે તેની માહિતી આપી હતી. ભાડભૂત યોજના પછી નહેર વડે પાણી મળશે. તે માટે જમીન સંપદાન નું કાર્ય પ્રગતિમાં હોવાની માહિતી આપી હતી. તેમને ભાડભૂત બેરેજથી નર્મદા મૈયા બ્રીઝ સુધી ભરૂચ સાઈડ ઉપર ૯ મીટર પહોડો અને અંકલેશ્વર બાજુ ૧૮ મીટર પહોડો રૉડ બનશે તેનું કાર્ય પ્રગતિમાં હોવાની માહિતી આપી હતી. દહેજની ઈન્ડ્સ્ટ્રીઝનો પાણીનો પ્રશ્ન ઉકેલાઈ જશેની માહિતી આપી હતી.

તેમને દહેજ ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનની ભરૂચથી દહેજ સુધીની રેલવેની માગણી વિશે જણાવ્યું હતું કે ભારત સરકાર અને રાજય સરકાર વચ્ચે થયેલ MOU મુજબ હવે રાજ્ય સરકાર ડિઝાઈન તૈયાર કરીને ભારત સરકારના રેલવે વિભાગ પાસેથી ટેક્નિકલ મંજૂરી લઈને પોતાનું બઝેટ ફાળાવીને પ્રોજેક્ટ કરી શકે છે.

વાગરાનાં ધારાસભ્ય રટૂનસિંહ રણાના પુત્ર અજયસિંહ રણાએ ૮૦૦ કરોડના ખર્ચે બનાનાર રૉડ RCC બનાવવાની માંગ હતી તેમાંથી ૧૫ કિલોમીટરનો રૉડ RCC નો બનાવશે. જ્યાં ખાડા પડવાની સંભાવાનાઓ વધારે છે. જયારે બાકીનો રૉડ ડામરનો બનાવાશે.

તેમને ઈન્ડસ્ટીઝને સ્થાનિકોને નોકરીમાં પ્રાથમિકતા આપવા માટે અપીલ કરી હતી. સાથે સાથે નોકરીમાં લાગ્યા પછી કોઈ મનમાની કરે તો જાણ કરવા પણ જણાવ્યું હતું. જે ચલાવી નહી લેવાય તેવી સ્પષ્ટ કહ્યું હતું.

દહેજ ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના સેક્રેટરી બલદેવ આહિરે આભારવિધિ કરી હતી.

ઉદઘાટન સમારોહમાં ભરૂચના સંસદસભ્ય મનસુખભાઈ વસાવા, ભરૂચના ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રી, અજયસિંહ રણા (અરૂણસિંહ રણા, ધારાસભ્ય, વાગરાના સુપુત્ર), જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન ધર્મેશભાઈ મિસ્ત્રી, સંજયસિંહ ચાવડા તેમજ દહેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખ ડૉ. સુનિલ ભટ્ટ, બલદેવ આહીર (જનરલ સેક્રેટરી), દિપક પટેલ (ખજાનચી), મહેન્દ્રસિંહ રણા (પ્રમુખ-લઘુ ઉદ્યોગ ભારતી, દહેજ), ડો. જે.જે. રાજપૂત (ઉપપ્રમુખ), નિર્મલ શાહ, દિલીપ ડોંડા, પરેશ ગુર્જ્જર, ધર્મેશ પટેલ તેમજ એડ્સ પેજીસ પ્રાઈવેટ લિમિટેડના રઘુનંદન ભદોરિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા રક્તદાન શિબિરનું આયોજન





તારીખ ૯ મી નવેમ્બરે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને કુમારપાળ બ્લડ બેંકના સંયુક્ત ઉપક્રમે સિનિયર સિટીઝન સેન્ટર ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કરી પોતાની સામાજિક ફરજ અદા કરી હતી. આ પ્રસંગે અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિમલ જેઠવા,સેકેટરી નિલેશ પટેલ, ટ્રેઝરર ચંદુભાઈ અકબરી, પ્રોજેક્ટ ચેરમેન ભૂપેન્દ્ર પટેલ, ભરત પટેલ તેમજ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.


## અંકલેશ્વરમાં ૪૮મી નેહરુ મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ



અંકલેશ્વર ONGC કોલોની સ્થિત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૪૮મી પંડિત જવાહરલાલ નેહરુ મેમોરિયલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. આ ટુર્નામેન્ટનો પ્રારંભ ONGCના એસેટ મેનેજર જે.એન.સુખાનંદનના હસ્તે કરવામાં આવ્યો હતો. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. પંડિત જવાહરલાલ નેહરુની ૧૩૬મી જન્મજયંતિ નિમિત્તે આ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભરૂચ સહિત અન્ય જિલ્લાઓની કુલ ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. આ પ્રસંગે ONGCના એસેટ મેનેજર જે.એન.સુખાનંદન, ONGC કંપનીના કર્મચારીઓ, મોટી સંખ્યામાં ખેલાડીઓ અને ક્રિકેટ રસિકો ઉપસ્થિત રહ્યા હતા.

PERFECT SCALE
SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH REFRACTORY LINING WORKS
YATHARTH
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER

Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામ: મંજુસર, તાલુકો: સાવલી, જિલ્લો: વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યુ.
તંત્રી: જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002